સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વિદ્વતા, સાથે કવિ-હૃદય હોવું પણ જરૂરી છે,
સત્યને રહેવા 'શાંતિ' નિકેતન પણ જરૂરી છે,
નિકળી છે હજ કરવા હવે બિલ્લી, ઉંદરો મારી ને
આઉટ-લૂક સાથે હૃદય-પરિવર્તન જરૂરી છે!

હાઈકુ

રહે ધ્યાનમાં
કરે યોગ સાધના -
બગલો પણ...

હૃદયમાં સ્થાન -
મેળવવા જરૂરી
છે તપશ્ચર્યા!

ચિંતન

સાહિત્યસંગીતકલાવિહીન : સાક્ષાત્પશુ: પુચ્છવિષાણહીન: ।
તૃણન્ન ખાદન્નપિ જીવમાનસ્તાદ્ભગધેયં પરમં પશૂનામ ॥

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સાહિત્ય, સંગીત, કલા વિનાનો
પુશ એ શીંગડા કે પૂંછ વિનાનો
જીવિત રહેવા નથી ઘાસ ખાતો
ભાગ્ય એ પરમ પશુનું જ, હા હતો.

માનવ 'જન્મ' આપણને કંઈક કરી છૂટવા માટે મળ્યો છે. મૃત્યુ પછી પણ વિશ્વ-સમાજ આપણને કોઈ સારી સ્મૃતિ સાથે યાદ રાખે તો જ જન્મસફળ કહેવાય, બાકી તો પશુ-પંખીની જેમ ખાઈ-પી-નિંદ્રા કરી જીવન સમાપ્ત કરી નાખવામાં જ જો જન્મ વાપરી નાખવાનો હોય તો જીવવાનો હેતુ શું ? સાહિત્ય-સંગીત-કલા વિનાનું જીવન માત્ર પશુનું જેવું જ છે.

સુવિચાર

- તે વ્યક્તિ સફળ થાય છે જે પ્રભુતાને પચાવે છે અને લઘુતાને નિભાવે - **એસ. ભટ્ટાચાર્ય**
- બાળક જન્મે ત્યારથી મરે ત્યાં સુધી આપણા સમાજે,
  કહેવાતી સભ્યતાએ સ્પર્ધા સિવાય બીજું શીખવ્યું છે જ શું ?? - **જે. કૃષ્ણમૂર્તિ**
- વ્યાપારમાં સંપત્તિ, સફળ થવા, પણએ સંપત્તિ, દિનઃદુઃખી જરૂરિયાતમંદોમાં ન વહેંચી,
  તો 'સુફળ' નથી - **મોરારિ બાપુ**
- આપણને કોઈ વ્રત પ્રિય હશે તો સંપત્તિ આવી જ જશે,
  બાધા નહિ વ્રત, વ્રત પ્રેમથી આવે, બાધા પરાણે લેવી પડે - **અખંડ આનંદ**
- પ્રતિભા અને પ્રતિમામાં ફેર છે, પ્રતિભા પોતાનામાંથી પેદા થાય છે - **પ્રજ્ઞા વ્યાસ**
- વ્યક્તિના શીલથી તેના જીવનની શૈલી બને બને છે - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : કાળા તલને ખૂબ ચાવી ને ખાવાથી માતાને ધાવણ આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

૧૯૩૧માં અમેરિકાનો સાવ સામાન્ય માનવ. નામ 'મેકડોનાલ્ડ' દેવાળિયો થઈ ગયો હતો. પત્ની પથારીવશ હતી. લેણદારો રોજ ઉઘરાણી કરતા. માંડ એક મહિનો ઉઘરાણીની તારીખ લંબાવી શક્યો હતો. તેણે પત્નીને કહ્યું, 'હું આત્મહત્યા કરવા જઈ રહ્યો છું.' પત્નીએ એને કહ્યું, 'એક છેલ્લા પ્રયાસ કરી લેવો જોઈએ. એકવાર છેલ્લે છેલ્લે નસીબ અજમાવી લઈએ.' નિરાશ પતિએ કહ્યું, 'શું કરીશું?' પત્નીએ કહ્યું, 'ચા-નાસ્તાની દુકાન ખોલીએ.' પતિએ કહ્યું, 'દુકાન ભાડે લઈ, ટેબલ ખુરશી વગેરેના પેસા ક્યાં છે આપણી પાસે.' પત્નીએ કહ્યું, 'આપણે આ ઘરની આગળના ભાગને જ ડાઈનીંગ એરિયા બનાવીએ. જેમાં કોઈ ખર્ચ નહીં લાગે. અને રસોઈની કામગીરી હું સંભાળીશ.' પતિએ કહ્યું, 'પણ તું તો માંદી છે.' પત્નીએ કહ્યું, 'તમે હા પાડશો એટલે હું સાજી થઈ જઈશ.' પત્નીના સ્નેહની સામે પતિ ઝૂક્યો અને સાદુ ફર્નિચર ગોઠવી. મકાન બહાર રોડ પરથી જોઈ શકાય તેવું સાદા પાટિયા પર ચોકથી બોર્ડ માર્યું, 'મેકડોનાલ્ડ.' એ દિવસ એની જિંદગીનો દુઃખનો છેલ્લો દિવસ બન્યો. શુભ શરુઆત થઈ. ગ્રાહકો આકર્ષાયા. ભાવ ઓછો અને વાદ સારો. સ્વચ્છતા ખૂબ, લેણદારો પણ આ તરકીબથી પ્રભાવિત થયા. પતિ-પત્નીની જોડીએ ખૂબ મહેનત કરી અને વિશ્વપ્રસિદ્ધ 'મેકડોનાલ્ડ'ની ચેઈન શરૂ થઈ. મેકલોનાલ્ડ અને એમના પત્નીએ પોતાની શક્તિથી શૂન્યતાના અંધારા ઉલેચ્યા ત્યારે એને આ સૂર્ય જેવી રોશની પ્રાપ્ત થઈ છે.

જાનવરોની કૂખે માનવી જન્માવવાની 'મહત્ત્વાકાંક્ષી' યોજના

તંત્રીસ્થાનેથી...

કુદરતે માનવીને ફળદ્રુપ ભેજું આપીને કેવડી મોટી ભૂલ કરી દીધી છે એનો અહેસાસ વારંવાર થતો રહ્યો છે પરંતુ એની પરાકાષ્ઠા હવે પછીના સમયગાળામાં જોવા મળે એવી સંભાવના છે. પ્રકૃતિએ આપેલા વરદાનનો એની જ સામે હથિયાર તરીકે ઉપયોગ કરતો રહેલો કાળા માથાનો માનવી રોજેરોજ અવનવાં અટકચાળાં કરતો રહે છે. એણે પ્રકૃતિનાં તમામ સ્રોતોને પોતાના લાભાર્થે નીચોવી નાખ્યા છે. સૂર્યથી લઈ સમુદ્ર અને નદીઓ, પર્વતો કે જંગલો પર એની હિંસક અને સ્વાર્થી નજર મંડાયેલી જ રહે છે. સૂર્ય તો ઊર્જાનું સ્રોત છે અને પૃથ્વીથી ઘણો દૂર છે, એટલે એની ઊર્જા વાપરવામાં આવે તો સૂરજનો ખજાનો ખૂટી જવાનો નથી. પરંતુ ધરતીનું હીર ચૂસી લઈને માનવીએ એનું પોત પાતળું પાડી દીધું છે. એ બોદાઈ ગયેલી ધરતી ક્યારેક ધ્રૂજી ઊઠે છે ત્યારે ધનોતપનોત નીકળી જાય છે. જંગલોની બેરહેમ કતલ અને પર્વતોની તોડફોડ કે નદીઓ પર ડેમ બાંધીને એમને એક કૂંડાળામાં કેદ કરવાની માનવીની ધરાર પ્રકૃતિ-શોષણની પ્રવૃત્તિથી એક કદમ આગળ નીકળી જઈ હવે એ માનવ કોશિકાઓને જાનવરોના ગર્ભમાં પ્રસ્થાપિત કરી એ જાનવરોને 'સરોગેટ મધર' ની ભૂમિકામાં મૂકવા ઉદ્યત થયો છે. 'ક્લોન' વિકસાવી ચૂકેલા માનવીને નૈતિક રીતે આ કૃત્ય બરાબર નહીં હોવાનું સમજાઈ ગયું છે એટલે એ પ્રવૃત્તિ મંદ પડી છે. પરંતુ 'સરોગેસી' - પછીના ગર્ભાશયમાં વંશવેલો ઉછેરવાની ઘેલછાને તો છૂટો દોર મળેલો જ છે. ભારત જેવા આર્થિક દૃષ્ટિએ ગરીબ દેશમાં નાણાં લઈને કૂખ ભાડે આપનારી મહિલાઓની કમી નથી. આમ જુઓ તો આ એક માંગલિક કાર્ય છે કારણ કે જેની કૂખે ગર્ભ રહી શકે એમ નથી એવી સ્ત્રીના સ્ત્રી બીજને લેબોરેટરીમાં એના પતિના શુક્રાણુ દ્વારા ફલિત કરી અન્ય સ્ત્રીના ગર્ભાશયમાં રોપી વિકસાવાય છે. કૂખ ભાડે આપનારી સ્ત્રી પણ જાણતી હોય છે કે એના પેટમાં ઊછરી રહેલું બાળક એનું પોતાનું નથી. જો કે આખરે નવ મહિના જેને પેટમાં રાખ્યું એના પર મમત્વ તો પ્રગટે જ. પરંતુ પ્રસૂતિની પીડા વેઠ્યા પછી એ બાળક એનાં સાચા જિનેટિક માતાપિતાને જ સોંપાઈ જતું હોય છે.

હવે જાપાનમાં 'સરોગેસી'ની આ વિદ્યાને એક ડગલું આગળ લઈ જવાનો પ્રયોગ હાથ ધરાયો છે. ટોકિયો યુનિવર્સિટીના સ્ટેમ સેલ વૈજ્ઞાનિક હિરોમિત્સૂ નકોચીને સરકારે માનવ કોશિકા પ્રાણીની કૂખમાં વિકસાવવા માટે મંજૂરી આપી છે અને જરૂરી આર્થિક સહાય પણ ઉપલબ્ધ કરાવી છે. શરૂઆતમાં માનવ કોશિશાને ઉંદરમાં સ્થાપિત કરી એણે પ્રાણીની કૂખમાં વિકસાવવાનો આ પ્રયોગ સફળ થશે તો એ દિવસ દૂર નથી જ્યારે ગાય કે ભેંસ વાછરડું કે પાડરડું જણવાને બદલે માનવ બાળકને જન્મ આપે. આવા બાળકને પાછું માનવીના માટે જ વધેરવાની યોજના અત્યંત ક્રૂર લાગશે. માનવીને જ્યારે કિડની, હૃદય કે લિવર જેવાં અંગોની જરૂર હશે ત્યારે પશુઓનાં પેટે જન્મેલા માનવજીવો ખપ લાગશે ! માનવીની કલ્પના ક્યાંથી ક્યાં પહોંચી શકે છે એનું આથી મોટું અને સુગાળવું ઉદાહરણ બીજું કયું હોઈ શકે! સૃષ્ટિ ઉપરના તમામ જીવોને એના ઉદરમાં પધરાવ્યા પછી પણ માનવી હજી ધરાયો નથી. એણે પાળેલા પ્રાણીઓ પાસેથી વધુ સારી ઓલાદનાં પ્રાણીઓની કુદરતી કામોત્તેજના સમયે નરમાદાના સમાગનની કુદરતી યોજના પર પ્રતિબંધ લગાવી કૃત્રિમ વીર્યદાનની પદ્ધતિ વિકસાવી છે. એમની ઉપયોગીતા ઓછી થતી લાગે ત્યારે એમને કતલખાને ધકેલી દેવાય છે. હવે એથી પણ આગળ વધી પ્રાણીઓને 'સરોગેસી' માટે તૈયાર કરાશે !

સંગીતના સર્જકો અને ટેકનોલોજી દ્વારા આપણા સુધી શૂર-શબ્દના અજવાળાઓ રેલાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

મારી નજર સામે એ દૃશ્ય તાદૃશ્ય થઈ રહ્યા છે જ્યારે મારી ઉંમર ત્રણ-ચાર વર્ષની હતી ત્યારે પપ્પાએ રેડિયો બનાવડાવ્યો હતો... ૧૯૬૫-૬૬માં એ પછી રેડિયો આજ સુધી સાંભળું છું.

ઘરમાં જુનું ગ્રામોફોન હતું. જે આજે પણ છે, ટેપ રેકોર્ડર હતા... ઓછામાં ઓછા ૧૨૦૦ થી વધુ કેસેટ્સ હતી. એક લાઈબ્રેરી હતી જેમાં પછીથી ૫૦૦ થી વધુ ઓડિયો વીડિયો સીડી ઉમેરાતી ગઈ.... કથા... કીર્તન - ભજન - કાવ્ય સંગીત - ફિલ્મ સંગીત ને ગઝલ.... કેટકેટલા અણમોલ ખજાનો - હવે એ જ સંગીત કે શબ્દો આધુનિક માધ્યમના સહારે સાંભળવા મળે છે.

કેસેટ ટેપના જનક ડચ નિવાસી લો ઓટેંસનું હમણાં અવસાન થયું ને આ બધું સહજ સ્મરણ થયું. કોમ્પેક્ટ ડીસ્ટ બનાવવામાં પણ એમની મહત્ત્વની ભૂમિકા હતી. એમનું વિજ્ઞાનના માધ્યમથી એક જ લક્ષ હતું કે પોર્ટેબલ અને ઉપયોગમાં સરળ એવા સાધન વિકસાવવા, અને એમાં તેઓ સફળ થયા.

ઈતિહાસ પર નજર માંડીએ તો ૮ નવેમ્બર ૧૯૦૨ના રોજ બે છોકરીઓ શશીમુખી અને ફણીબાલાના નામ અને તેનો અવાજ ગોળ તકતી પર ઉતર્યા હતા. થાળી પર રેકોર્ડિંગનો એ પહેલો અવસર હતો.

લાંબા સમય સુધી ચલણમાં રહી તે ૭૮ RPM ની રેકોર્ડ સામાન્ય રીતે ૧૦ ઈંચ વ્યાસની હતી. ૧૨ ઈંચની રેકર્ડ લોંગ પ્લે તરીકે ઓળખાતી હતી.

૧૮૯૮માં ગ્રામોફોન કંપનીની સ્થાપના એના શોધક એમિલ બર્લિનરે કરી હતી. જગવિખ્યાત બનેલું કૂતરાનું ચિત્ર રેકોર્ડના લેબલ પર ૧૯૦૯-૧૦મા સ્થાન પામ્યું હતું.

જુની હિન્દી ફિલ્મોના ગીતોના શો કરીએ ત્યારે ખ્યાલ આવે કે મધુર ગીતો સાવ ટૂંકા છે... એનું એક કારણ એ હતું કે થાળીની એક બાજુએ માત્ર ત્રણ મિનિટ અને વીસ સેકન્ડનું રેકોર્ડીંગ થઈ શકતું હતું.

ગ્રામોફોન તરીકે જાણીતા રેકોર્ડ પછી જમાનો આવ્યો ઓડિયો કેસેટનો તેના જનક હતા લોઉ ઓટ્ટેન્સ, જેમનો ઉલ્લેખ લેખના આરંભે કર્યો છે. સંગીતની દુનિયામાં ઓડિયો કેસેટ ૧૯૬૩માં રજૂ થઈ હતી. ઓડિયે કેસેટ જેમાં મુકીને એમાં ધ્વનિમુદ્રિત ગીતો કે સંગીત સાંભળી શકીએ એ સાધન ટેપરેકોર્ડર તરીકે ઓળખાતું હતું. દેશ-વિદેશની અનેક કંપનીઓના ટેપ રેકોર્ડર વિશ્વભરમાં સંગીત પ્રસારણ કરતા રહ્યા અને ઘરની શોભા બની રહ્યા.

ભારતમાં હિન્દિ ફિલ્મ-સંગીત અને આલ્બમોને ઓડિયો કેસેટ અને કોમ્પેક્ટ સિડીના માધ્યમથી એક વિશેષ સ્થાન અપાવનાર વ્યક્તિ એટલે ટી-સીરીઝના ગુલશનકુમાર. એચ.એમ.વી. પછી ટી-સીરીઝે બજારમાં પગપેસરો કર્યો. યાદ કરો એ સમયની ફિલ્મો - એના ગીતો અને આપણે એ ગીતોને કેસેટમાં રેકોર્ડ કરાવતા - ઘરે જઈને સાંભળતા.... કેટકેટલા મહાન કલાકારોના લાઈવ-શો પણ આમ જ રેકોર્ડ થતા હતા.

૧૯૮૫માં કોમ્પેક્ટ ડીસ્કનો આરંભ થયો. પાંચેક વર્ષોમાં તો મોટા ભાગના સીડી પ્લેયર વાગવા માંડ્યા હતા.

ધીમે ધીમે ગાડીઓમાં પેનડ્રાઈવ વાગવા માંડી અને હવે જાતજાતની મ્યુઝિક એપ આપણને આંગળીના ટેરવે દુનિયાભરનું સંગીત પીરસે છે.

આ સંગીત જ આપણને જીવાડે છે, આ શોખ આપણને શાંતિ-આનંદ - પ્રસન્નતા ને પ્રેમથી હૂંફ આપે છે. આ સંગીતના સર્જકો અને ટેકનોલોજી દ્વારા આપણા સુધી પહોંચાડનારા તમામનું સ્મરણ કરીએ ત્યારે શૂર-શબ્દના અજવાળાઓ રેલાય છે.

તું પીડા જેવી પીડા પણ જોખીને આપે છે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

લંબાઈ, જાડાઈ, ગોળાઈ, પહોંળાઈ - કબૂલ
ખરબચકાશ ફિક્કાશ-કબૂલ પ્રકાશને અંધારું કબૂલ
પોલાણ છોલાણ તીખાશ-પોચાશ
અભાવ કે સ્વભાવ કબૂલ
તેં માથામાં માર્યું તે બધું જ કબૂલ....
કબૂલ શું નથી કર્યું ?
તારી ઉદારતાના ડોળને નભાવ્યો...
તારા નિયંતા વેડાને હા જી હા કરી
તે ઈચ્છ્યો તેવો પીડાગ્રસ્તાનો દેખાવ કર્યો...
ને તું મારી તિતિક્ષાની સીમા વટોળી ગયો...
તો સાંભળ - હવે હું ચૂપ નહીં રહું... ગાળી-ગલોચ કરીશ.
તું પીડા જેવી પીડા પણ જોખીને આપે છે...
ધીમું ઝેર? મને ? હું નહીં મરું...
પીડાનો ટુકડો ફેંકી તું મને છેતરી નહીં શકે....
બદમાશ હું મારો હક્ક માગું છું હક્ક...
લાવ, મારી જલદ અને ભરચક પીડા... લાવ.
મારી અસંખ્ય અને અખૂટ પીડા...
હવે ઈશ્વરત્વ સમાંતરની પીડા સિાય હું
રીંઝુ તેમ નથી...
લાવ મારી અનંત પીડા મને આપી દે....

- રમેશ પારેખ

રમેશ પારેશ છ અક્ષરનું નામ જેવા મર્મજ્ઞ અને આખાબોલા સાચા સરળ કવિ આજે આપણે વચ્ચે નથી... તે સાલુ કઠે છે... ઉપરની કવિતા વાંચીને થાય કે કેટલી પ્રેક્ટિકલ વાત ચોટદાર શબ્દો દ્વારા રજૂ કરી દીધી છે.

પૃથ્વીની ઉત્પત્તિના વૈજ્ઞાનિક દાવાઓ નકારી કાઢીને, મનુષ્ય પ્રજોત્પત્તિની જૈવિક વૈજ્ઞાનિક કડીને અવગણીને આ સમગ્ર દુનિયામાં ઈશ્વરની સર્વોપરિતાને માથે ચડાવીને ભગવાનને ઉચ્ચ કોટિમાં મૂકી દઈને આપણે માત્ર તેના ચલાવ્યા જ ચાલે રાખીએ છીએ... આપણી દરેક વ્યાધિ ઈશ્વરઈચ્છા સ્વીકારીને સહે રાખીએ છીએ...

'વહાં દેર હૈ અંધેર નહીં' નો રાગ આલપતા આલાપતા માત્ર તેના જ ગુણગાન ગાયે રાખીએ છીએ...

કેટલાય શારીરિક, માનસિક, આર્થિક કષ્ટો વેઠતા વેઠતા ઈશ્વરની દોહ્યલી માનતાઓ પુરી કરવામાં, ઈશ્વરની સર્વોપરિતા માનવામાં અને મનાવવામાં જ જીવન વેંઢારતા રહીએ છીએ...

અને ઈશ્વર પણ આપણી મજાક ઉડાવતો હોય તેમ આપણને 'બિચારા-બાપડા' પરિસ્થિતિના દાસ બજાવી રાખવાની વિકૃત મજા લેતો હોય તેવું લાગે છે.

કદાચ એ એવું માનતો હોય સમજતો હોય કે પોતાની માર્કેટ વેલ્યું ટકાવી રાખવા માટે તેની માટે મગતરા સમાન માણસોને દુઃખની અને પાડીને એક એવી શૃંખલા સાથે બાંધી દેવો કે He Has No Choice. આપણી પાસે તેને શરણે જવા સિવાય કોઈ ચારો જ નથી રહે તો....

મનુષ્યના જીવનમાં સમયે સમયે એવા કારમા ઘા ફટકારતો રહે છે કે એક જખમને રુઝ આવે ન આવે ત્યાં બીજો તાજો જખમ ઊભો જ હોય. કોલૂના બેલની જેમ આપણે આ જિંદગીની દડમજલમાંથી ઊંચા ન જ આવીએ એવો ખતરનાક મનસૂબો ઉપરવાળાના દિમાગમાં ચાલતો રહે છે.

ઈશ્વરલાલ પણ પીડા કે જખ્મ એક ઝાટકે આપીને આપણું એકાઉન્ટ સેટલ નથી કરતો... પરંતુ મુદલ પરના વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ચડાવતા રહેતા વ્યાજખોર લુચ્ચા શાહુકારની જેમ ઘા પર મીઠું ભભરાવીને ટીંચર રેડીને આપણા સીસકારાની મજા માણતો રહે છે.

એક ઘાને બે કટકા જેવો ખેલ હોય તો હમણાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય.... અને માટે જ લાગે છે કે ઉપર પણ લોકપાલ બિલનું અરજન્ટ જરૂર છે. માર્ચ એન્ડિંગમાં આંકડાઓ સેટલ કરવા માટે યમરાજના ઈશારે ક્યાંક સુનામી તો ક્યાંક ભૂંકપમાં લાખો જીવ ઓહિયા કરી જનારો ઈશ્વર ઓડકાર પણ નથી ખાતો. ક્યાંક બોંબ બ્લાસ્ટ, ગમખ્વાર અકસ્માતોની હારમાળા સર્જીને ઈશ્વરના નામની એવી દહેશત ફેલાવી છે કે શનિવાર, સોમવાર, ગુરુવાર ભક્તોનું મંદિરમાં બમ્પર ઓપનિંગ મળી રહે છે.

'ભગવાન તો બધાનો છે' - આ વાત પણ મન મનાવવા જેવી છે, દેશના દનાઢ્ય મંદિરોમાં પૈસા આપીને ભગવાનના દર્શન કરવાની બોલી લાગે છે. આ વાત વળી કોક ભગત મહારાજ બોલશે 'આ તો બધી માનવીએ ઊભી કરેલી માયા છે.' તો તેમને જણાવવાનું કે મનુષ્યને બનાવનાર તો ઈશ્વર જ છે ને! ઈશ્વર સર્વત્ર વ્યાપ્ત હોય તો મનુષ્યના દિલ દિમાગ પર પણ તેનો જ અક્ષિયાર છે!

બ્લાસ્ટમાં મરનારા લોકોમાં વીઆઈપી શેઠિયા ઓછા અને મારા તમારા જેવા સામાન્ય લોકો વધુ મરે છે. એક માત્ર કમાઉ લોકો વધુ મરે છે. એક માત્ર કમાઉ દીકરો કે બાપ ચાલ્યો જવાથી પાછળ આખો પરિવાર મરવાના વાંકે દિવસો ગુજારે છે.

અને રોજ મોત ક્યારે આવે તેવી રાહ જુએ છે...

ધીમે ધીમે ઈન્સટોલમેન્ટમાં દુઃખના ઝાટકા આપે રાખીને ઈશ્વરે માઝા મૂકી દીધી હોય પછી, માનવી કંટાળીને ઈશ્વર સાથે તકાદો કરે છે કે હવે તો આરપારની લડાઈ લડી લે...

એક સામટી એટલી પીડા અને દુઃખથી ભરી દે કે, ત્યારબાદ મનુષ્યના પાત્રમાં બીજું દુઃખ સમાવાની જગ્યા જ ન બચે...

- jayuoza@gmail.com,
Mo.9898046488

નાસમજ હોવાની સમજ બુદ્ધિશાળી હોવાની ખાતરી છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જગપ્રસિદ્ધ કાવ્ય સર્જક અને વિદ્વાન નાટ્યકાર વિલિયમ સેક્સપિયરે એક વિચાર આપ્યો હતો કે, 'નામમાં શું છે ? ગુલાબનું નામ ગમે તે હોત પરંતુ તેની સુગંધ તો એ જ રહેત.' મજાની વાત એ છે કે, આ મજબૂત વિચાર લખ્યા બાદ વિલિયમ સેક્સપિયરે નીચે પોતાનું નામ તો

આપ્યું જ હતું. જો કે, એ અલગ ચર્ચાનો મુદ્દો હોઈ શકે. ભારતમાં મધ્ય પ્રદેશ રાજ્યના રાયસણના નાના એવા કુરવાડા ગામમાં બાબુલાલ અને સરસ્વતીના તારણપંથી દિગંબર જૈન પરિવારમાં જન્મેલા ચંદ્રમોહન જૈન નામના મેધાવી બાળકે એના સમગ્ર જીવન દરમિયાન ત્રણ ચાર અલગ અલગ નામો રાખ્યા. પરંતુ એના વિચારો અને તર્કે સમગ્ર જગતમાં નવી ચેતના જગાવવામાં મોટો ભાગ ભજવ્યો. કદાચ એટલે જ લોકોએ એમના તમામ નામને હૃદયપૂર્વક સત્કાર્યા.

ચંદ્રમોહન પોતાના સમગ્ર જીવન દરમિયાન નામ બદલતા રહ્યા. છેલ્લે એ ઓશો નામે ઓળખાતા હતા. આ ઓશો શબ્દ પ્રસિદ્ધ કવિ વિલિયમ જેમ્સના સર્જન 'ઓશોનિક એક્સપીરિયંસ'ના 'ઓશોનિક' શબ્દ ઉપરથી લીધુ હોવાનું ઓશો કહે છે. ઓશો શબ્દ 'ઓશન' એટલે કે સાગર ઉપરથી જરૂર છે પણ 'ઓશોલ્લનો અર્થ સાગર નહીં, 'સાગરમાં વિલીન થઈ જવુંલ્ર એમ થાય છે. ચંદ્રમોહન ૧૯૬૦ના દશકમાં આચાર્ય રજનીશના નામથી ઓળખાતા. ત્યારબાદ ૧૯૭૦ના દાયકામાં ભગવાન રજનીશ અને છેલ્લે ૧૯૯૧થી ઓશો તરીકે લોકો એમને ઓળખતા. નામ ભલે અલગ રહ્યાં પણ એમના શબ્દો અને વિચારોમાં જબરજસ્ત સ્પાર્ક હંમેશા રહ્યો છે. મુંબઈના મંચ ઉપરથી ૭૦ના દાયકામાં એમના પ્રખર વિચારોના મંડાણ થયા. પછી તો પુના, ગુજરાત, મધ્યપ્રદેશ, દક્ષિણ ભારતથી માંડીને પશ્ચિમના દેશો સહિત અનેક શહેરોમાં તેમની વાણીને લોકોએ ભરપુર પ્રેમ અને આદર આપ્યો. જો કે સ્ત્રી-પુરુષના શારીરિક સંબંધો વિશેના એમના પ્રવચન અને ઓરોગન આશ્રમમાં ફુડ પોઈઝનિંગની ઘટનાના કારણે ઓશો થોડો સમય વિવાદોના વમળમાં પણ રહ્યા.

ઓશોના વક્તવ્યમાં સટિક ઉદાહરણો અને માર્મિક કાવ્ય રચનાઓનો મહાસાગર હોય છે. એમના પ્રવચનોમાં આપેલા સચોટ ઉદાહરણો જીવન પથદર્શક બની જાય છે. સાંભળનારને એમ લાગે કે, આ ઘટનાનો મારી સાથે જ અતુટ નાતો છે. એમની અસ્ખલીત વાણીમાં વહેલી કવિતાઓના સંદર્ભમાં જીવન જીવવાનું બળ મળી જતુ હોય છે. એમની કેટલીક કવિતા અને ઉદાહરણો તો એવા હોય છે કે, એકાદ બે મિનિટમાં કોઈ મહાગ્રંથ જેટલું સત્ય સમજાવી જાય છે. એમના વક્તવ્યમાં અપાયેલા ઉદાહરણો અને કાવ્ય સંદર્ભોમાં સદાય અદભુત મેગ્નેટિક ટચ જોવા મળ્યો છે.

માનવીની સુખની અભિલાષાને એમણે અનેકવાર અલગ અલગ દ્રષ્ટિકોણથી રજૂ કરી છે. દરેક આસક્તિનો અંત ઉદાસી હોય છે. ઓશો કહે છે કે, તમે જીવનમાં ઘણી બધી વાર અનેક બાબતના પ્રેમમાં પડ્યા છો. પણ આખરે તો તમારા હાથ ખાલી જ રહી જતા હોય છે. જીવનમાં બહાર જ્યાં જૂઓ ત્યાં દુઃખ જ દેખાય છે. આપણે રોજેરોજ એકની એક પ્રવૃત્તિ વારંવાર કરતા રહીએ છીએ. ક્રોધ, અહંકાર, ઈર્ષા હજારો વાર કરતા રહીએ છીએ. પછી દુઃખી થતા રહીએ છીએ. એ કહેતા કે, ફક્ત એકાદ મહિનો ડાયરી લખીને ચકાસી જૂઓ કેટલી બધી વાતનું વારંવાર રીપીટેશન આપણે કરતા રહીએ છીએ.

નારાજી, દુઃખી, પીડીત, અપમાનીત, મોહિત, રાગ, દ્વેષ, બધી જ લાગણીઓમાંથી પસાર થઈ ગયા. એના પછી શું ? એકની એક વાત ઉપર ક્યાં સુધી દુઃખી થવાનું ? આ વાત ઉપર સરસ કાવ્ય દ્રષ્ટાંત રજૂ કરતા ઓશો કહે છે કે,

કુછ ઈસ કદર હૈ ગમે જિંદગી સે દિલ માયુસ
ફીઝા ગઈ તો બહારો મેં ભી જી નહિં લગતા

એક ઉદાહરણમાં ઓશો કહે છે કે, ફુલોને સાચવી રાખો તો એકાલ્લદ દિવસ પછી એ સડી જશે એમાંથી સુવાસને બદલે દુર્ગંધ મારશે, પણ હજારો ફૂલોને નીચોવી એનો અર્ક કાઢી અત્તર બનાવી લેવાય તો એની મહેંકને અમરત્વ મળી જશે. જીવનના અનુભવોનો અર્ક અત્તર જેવું કામ કરે છે. અનુભવથી વ્યક્તિ બુદ્ધિમાન બને છે. શાસ્ત્રો કે પાંડિત્યથી ભરેલા પુસ્તકોથી બુદ્ધિમાન ન બની શકાય. એ પોપટથી વિશેષ કશું જ ન બનાવી શકે. નાસમજ હોવાની સમજ બુદ્ધિમાન હોવાની ખાતરી છે.

સામાન્ય રીતે વ્યક્તિ દુઃખના ખ્યાલોના વર્તુળમાં જાતે જ ઉત્સાહથી પ્રવેશી જાય છે. પછી દુઃખી થઈ જાય છે. દુઃખ તો જ્યારે આવશે ત્યારે દેખા જાયેગા, તકલીફ તો એ છે કે, આપણે દુઃખ આવે ત્યારે ખુમારીથી એનો મુકાબલો કરવાને બદલે ઢીલાઢફ થઈને બરડો ધરી દઈએ છીએ. તકલીફને ફટકા મારવા નોતરું આપી દઈએ છીએ. ઓશો કહે છે કે, કોઈપણ કારણ વગર પણ અંતરમાં ઉત્સાહનો ફુવારો ઊડતો હોય છે એને માણતા શીખવુ પડે. દુઃખ તો એ થવું જોઈએ કે, આ ફુવારામાં આપણે ભીંજાતા જ નથી. શૈશવ નાચે-કુદે, ઝરણું ખળખળ વહે, વસંતમાં વૃક્ષો નવી કુંપળ સાથે નૃત્ય કરે, ફુલોની મહેંક પવન ઉપર સવાર થઈને મોજથી માઈલોનો પ્રવાસ કરે છે. જગતમાં ઈશ્વર નિર્મિત દરેકની પાસે પોતાની અલગ શક્તિ અને અલગ ઓળખ છે. આમાં કોઈ પણ અર્થ વગરનો ઉમંગ છે. આ જ તો અદભુત ઐશ્વરીય અનુબંધ છે.

ધબકાર :

'વો કહતે હૈ કી, કૂદને સે પહલે દો બાર સોચો. મૈં કહતા હું, પહેલે કૂદો ઔર ફીર જીતના ચાહો ઉતના સોચો.'

- ઓશો